**આંક–૫ હેઠળ હુકમ :–**

**અરજી તથા ઉભય પક્ષે રજુ થયેલ સાધનીક કાગળો વંચાણે લીધા પ્રતિવાદી પક્ષે આંક–૩૯થી રજુ થયેલ અરજી પરત્વેની દલીલો વંચાણે લીધી જયારે વાદી પક્ષે આંક–૫ની દલીલો માટે હાજર ન હોઈ વાદી પક્ષનો દલીલોનો હકક બંધ કરાયેલ છે.:–**

**૧.** સદર કામે વાદી પક્ષની ટુંકમાં અરજ હકીકત એવી હકીકત છે કે, **આ કામના વાદી નં. ૧ થી ૩ મોજે ઉમેદપરા તાલુકા ગીર ગઢડાની સીમમાં રેવેન્યુ સર્વે નં. ૮વાળી જમીન ધરાવે છે. તે જ રીતે વાદી નં. ૪ રેવેન્યુ સર્વે નં. ૭વાળી જમીન ધરાવે છે. આમ, સદર રેવેન્યુ નં. ૭ અને ૮ વાળી જમીન મુળ સદર દાવાના કામે તકરારી જમીન છે. (જેથી સદર જમીનને હવે પછી દાવાવાળી જમીન તરીકે સંબોધીત કરવામાં આવે છે.) જયારે આ કામના પ્રતિવાદીઓ ઉમેદપરા ગામની સીમમાં રેવેન્યુ સર્વે નં. ૪ તથા રેવેન્યુ સર્વે નં.૯/૧ પૈકી ૨ વાળી જમીન ધરાવે છે અને સદર જમીનો રેવેન્યુ સર્વે નં.૮ વાળી જમીનની ઉત્તરે અડીને એક જ સેઢે આવેલી છે. વધુમાં વાદીએ જણાવેલ છે કે, પ્રતિવાદીઓની રેવેન્યુ સર્વે નં. ૪ની જમીને ઉતરે ગામ તળ આવેલ છે જયારે ઉત્તર–પશ્ચીમે અન્ય સર્વે નંબરવાળી જમીનો આવેલ છે. સદરહુ ગામ તળ અને સર્વે નં.વાળી જમીનનો ઢાળ પુર્વ–પશ્ચીમ તરફ હોય ચોમાસાની સીઝનમાં સદર ગામ તળ તથા ઉપરના ભાગે સદર સર્વે નંબર વાળી જમીનોનું વરસાદી પાણી સર્વે ન. ૪ તથા ૯માંથી પશ્ચીમ થી પુર્વ તરફ વહેતુ હતુ અને પુર્વમાં આવેલ નદીમાં ભળી જતુ હતુ અને તે પ્રમાણે વરસાદી પાણીનો નીકાલ વર્ષોથી થતો હોવાથી સર્વે નં. ૪ તથા ૯ના દક્ષીણ ભાગમાં વહેણ પડી ગયુ હતુ. જે વહેણ મારફતે ચોમાસાનું પાણી આગળ જઈને નદીમાં ભળતું હતુ.** આમ, કુદરતી પ્રક્રિયાના કારણે સર્વે નં. ૪ તથા ૯ના દક્ષિણના ભાગમાં પશ્ચીમથી પુર્વની લંબાઈમાં વહેણ સ્વરૂપે જમીન ઉડી ઉતરી ગઈ હતી એટલે કે, તેમાં ડ્રીપ પડી ગયેલ હતી. જેથી આ કામના પ્રતિવાદીએ દાવાવાળા કુદરતી વહેણમાં માટી પથ્થર નાખી ધીમે ધીમે તેને પુરવાનું શરૂ કરેલ હતું અને તેઓ વાદી નં. ૧ થી ૩ની જમીનની દક્ષીણ

તરફ ધીમે ધીમે આગળ વધવા લાગેલા અને પ્રતિવાદીઓએ સર્વે નં. ૪ અને ૯માંથી પસાર થતા દાવાવાળા કુદરતી વહેણને સંપુર્ણ પણે પુરી દીધેલ હતું પરંતુ ઉપરવાસથી ચોમાસાના પાણીનો મોટો પ્રવાહ ઘણી શકિતથી આગળ તરફ આવતો હોય સદર પાણી પ્રતિવાદીની સર્વે નં. ૪ અને ૯ વાળી જમીનોમાં ફેલાય જતું હતુ અને તેની જમીનનું ધોવાણ થઈ જતુ હતુ જેથી આ કામના પ્રતિવાદીઓએ પાણીના વહેણ માટેની તેમના દક્ષીણ સેઢે તેમની હદમાંથી પશ્ચીમથી પુર્વ તરફ સ્ટ્રીમ અર્થાત નવું વહેણ બનાવવા તજવીજ કરેલ હતી. જે બાબતે વાદીઓએ વાંધો લેતા પ્રતિવાદીઓએ જણાવેલ કે, તેઓ તેમના દક્ષીણ સેઢાના અંદરથી નવું વહેણ પાણીના નીકાલ માટે કાઢવા માંગે છે. ત્યારબાદ પ્રતિવાદીઓએ સદર નવી વહેણ દક્ષીણ સેઢે બનાવેલી અને તેને દક્ષીણ તરફ આગળ વધારીને દાવાવાળી મિલ્કતના ઉતર સેઢા તરફ દબાવી વાદીના ખેતરમાંથી બળજબરી પુર્વક પસાર કરી દીધેલ. જે તે વખતે વાદીઓએ માપણી કરવાની તજવીજ કરેલી પરંતુ ગીર સોમનાથ અને જુનાગઢ જીલ્લાનું વીભાજન થતુ હોવાથી માપણીની પ્રક્રિયામાં વીલંબ થયેલ હતો જેનો ગેરલાભ લઈને પ્રતિવાદીઓએ દિવસેને દિવસે નવી બનાવેલ વહેણ દક્ષીણ દીશા તરફ આગળ વધારેલ હતી અને ત્યારબાદ તેઓએ વહેણની પુર્વ તરફના ભાગે મોટી દિવાલ ચણી દીધેલી અને વરસાદી પાણીના નીકાલ માટેના કુદરતી પ્રવાહમાં અડચણો ઉભી કરી દીધેલી. જેના કારણે ઉપરવાસનું તમામ પાણી વાદીઓની જમીનમાં ફેલાય છે અને વાદીઓને ચોમાસામાં ખુબ જ નુકશાન સહન કરવું પડે છે. વધુમાં વાદીએ જણાવેલ છે કે, જે જગ્યાએ કુદરતી નાળુ આવેલ હતુ ત્યાં પ્રતિવાદીઓ પુરાણ કરી તે જગ્યામાં દબાણ કરી પાકા રહેણાંકી મકાનો બનાવી દીધેલ છે. આમ, પ્રતિવાદીઓએ વાદીની જમનીમાં અંદાજે રર થી ૨૫ ગુઠા જેટલુ દબાણ કરી દીધેલ છે. જેથી આ કામના વાદીઓએ દાવો કર્યાના ૬ માસ પહેલા જમીનની માપણી કરાવીને અને તે માપણી મુજબનું દબાણ ખુલ્લુ કરી આપવા પ્રતિવાદીઓને આગેવાનો મારફતે જાણ કરેલ હોવા છતા પ્રતિવાદીઓએ દબાણ ખુલ્લુ નહી કરતા વાદીને હાલનો દાવો પેશકદમી તથા ગેરકાયદેસર ઉભી કરેલ આડસો દુર કરવા માટે તથા ડેકલેરેશન તથા

મનાઈ હુકમ દુર કરવાની ફરજ પડેલ છે. સદર દાવાની સાથે હાલની અરજી દાવાનો આખરી નીકાલ ન આવે ત્યાં સુધી કામચલાઉ મનાઈ હુકમ મેળવવા માટે સી.પી.સી. ઓર્ડર–૩૯ રૂલ–૧, ૨ મુજબ તથા કલમ–૧૫૧ અન્વયે દાખલ કરાયેલ છે. સબબ અરજીમાં જણાવેલ છે કે, વાદીનો કેસ પ્રથમદર્શનીય કેસ છે અને સગવડ અગવડની સમતુલાનું પલળુ વાદીની તરફેણમાં છે. વાદીને જો માંગ્યા મુજબનો મનાઈ હુકમ ન આપવામાં આવે તો વાદીને નાણાથી વળતર ન વળી શકે તેવું ગંભીર પ્રકારનું નુકશાન થાય તેવી સ્થીતી છે જેથી હાલની અરજી વાદીની તરફેણમા મંજુર કરવી જોઈએ.

**૨.** સદર દાવાના કામે પ્રતિવાદીઓને સમન્સ નોટીસની બજવણી થતા તેઓ પોતાના વિ.વ.શ્રી મારફતે અદાલત સમક્ષ હાજર થયેલા અને **આંક–૧૯થી વાદીની દાવા અરજ તથા મનાઈ અરજી વિરૂઘ્ધ પોતાનો જવાબ રજુ કરેલ છે.** જેમાં તેઓએ મહદઅંશે વાદીની અરજ હકીકતોનો ઈન્કાર કરી જણાવેલ છે કે, **કુદરતી રીતે જે વહેણ દાવાવાળી મિલ્કતમાં હતુ તે વહેણ તે જ સ્થિતીમાં છે અને તેઓએ કોઈ દબાણ કરેલ નથી. વઘુમાં તેઓએ જણાવેલ છે કે, વરસાદી પાણીનો નીકાલ સર્વે નં. ૪ તથા ૯ના દક્ષીણ ભાગથી પુર્વ પશ્ચીમ લંભાઈમાં કુદરતી વહેણ મારફતે પ્રતિવાદીઓની જમીનમાના કોઈ વહેણ મારફતે થતો નથી અને તેમની જમીનમાં કોઈ કુદરતી કે કૃતિમ વહેણ આવેલ નથી. જેથી સદર જમીનને પુર્વવ્રત સ્થીતીમાં મુકવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. આમ, વાદીનો કેસ પ્રથમદર્શનીય ન હોય પ્રતિવાદી પક્ષે હાલની અરજી નામંજુર કરવા વિનંતી ગુજારેલ છે.**

**૩. સદર કામે વાદીએ રજુ કરેલ અરજી અને સાઘનીક કાગળોના પરિપ્રેક્ષયમાં હાલની અરજીનો ન્યાયીક અંત આણવા સારૂ મારા સમક્ષ નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થાય છે.**

## -: મુદ્દા :-

**મુદ્દા નં. (૧) શું વાદીનો કેસ પ્રર્થમદર્શનીય કેસ છે ?**

**મુદ્દા નં. (૨) શું સગવડ/અગવડની સમતુલાનું પલળુ વાદીની તરફેણમાં છે ?**

મુદ્દા નં. (૩) શું માગ્યા મુજબની દાદ ન આપવામાં આવે તો, વાદીને નાણાથી ભરપાઈ ન થઈ શકે તેવું ગંભીર પ્રકારનું નુકશાન થાય તેમ છે ?

મુદા નં (૪) શું હુકમ ?

૪. ઉપરોકત મુદા અંગે નિર્ણય માટેના કારણો અને ઉપર જણાવેલ મુદાના મારો જવાબ નીચે મુજબ છે. :–

મુદા નં. ૧ હકારમાં

મુદા નં. ૨ હકારમાં

મુદા નં. ૩ હકારમાં

મુદા નં. ૪ આખરી હુકમ મુજબ

૫. <u>નિર્ણય માટેના કારણો</u> :–

(૫.૧) <u>મુદા નં. ૧</u> :–

સદર કામે વાદી પક્ષે દલીલ કરવા સારૂ હાજર નહી રહેતા તેમનો દલીલોનો હકક બંધ કરવામાં આવેલ છે. જયારે **પ્રતિવાદીપક્ષે આંક–૩૯થી પોતાની લેખતી દલીલો રજુ કરેલ છે જેમાં તેઓએ મહદઅંશે આંક–૧૯વાળા જવાબનું પુનરાવર્તન કરેલ હોઈ પુનરાવર્તન ટાળવા માટે સદર દલીલોની વિસ્તૃત ચર્ચા કરવામાં આવતી નથી. સદર દલીલમાં પ્રતિવાદી પક્ષે વધુમાં રજુઆત કરાયેલ છે કે, વાદી પક્ષે આ કામે કોઈ માપણી કરાવેલ નથી. જેથી દાવાવાળી જમીનની ચોકકસ સ્થીતી રેકર્ડ પર આવેલ નથી. તે સં જોગોમાં વાદીનો કેસ પ્રથમ દર્શનીય કેસ ન હોઈ હાલની અરજી નામંજુર કરવી જોઈએ.**

(૫.૨) ***પ્રતિવાદી*** પક્ષ ધ્વારા કરાયેલ ઉપ્રોકત દલીલ સંદર્ભે નિર્ણય કરતા પહેલા સદર અદાલતે નામ. સર્વોચ્ચ અદાલત ધ્વારા નિર્ણીત ***Gujarat Electricity Board, Gandhinagar v. Maheshkumar and Co., Ahmedabad*** *(1995(5)* ***SCC*** *545)* **ના ચુકાદાનો નિર્ણયાધાર વં ચાણે લેવાનું ઉચ્ચીત સમજે છે. જેમાં નામ. સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ છે કે,**

***herein it was held that,.. "Prima facie case" means that the Court should be satisfied that there is a serious question to be wtried at the hearing, and there is a probability of Plaintiff obtaining the relief at the conclusion of the trial on the basis of the material*** *placed before the Court. "Prima facie case" is a substantial question raised bona fide which needs investigation and a decision on merits. The Court, at the initial stage, cannot insist upon a full proof case warranting an eventual decree. If a fair question is raised for determination,it should be taken that a prima facie cas is established. The real thing to be seen is that the Plaintiff"s claim is not frivolous or vexatious."*

(૫.૩) સદર કામે ઉપરોકત ટાંકેલ ચુકાદા તથા કાનુની જોગવાઈના પરીપ્રેક્ષ્યમાં જો વાદી તરફે રજુ થયેલ દસ્તાવેજો ધ્યાને લેવામાં આવે તો, **નિશાની ૪/૧ થી ૪/૧૨ ધ્વારા રજુ દાવાવાળી મિલ્કતના ૭–૧૨ના ઉતરા, ૮–અના ઉતારા વિગેરે રજુ કરેલ છે. જે ઉતારા વંચાણે લેતા સર્વે નં. ૭ તથા ૮ની જમીનોની માલીકી આ કામના વાદીઓની આવેલ છે. તેવું પ્રથમદર્શનીયરીતે જણાઈ આવે છે. વધુમાં નિશાની ૪/૧૨થી રજુ થયેલ માપણીની જં ગલ બુકને ધ્યાને લેવામા આવે તો, સર્વે નં. ૮ અને ૭ની ઉતરે સર્વે નં. ૪ આવેલો છે તેવું સ્પષ્ટ જણાઈ આવે છે. તે જ રીતે નિશાની ૪/૧૪થી રજુ થયેલ દસ્તાવેજમાં પણ સર્વે નં. ૪, સર્વે નં.૮ની ઉતરે આવેલો જણાઈ આવે છે. વધુમાં નિશાની ૪/૧૫થી ૪/૧૯થી રજુ થયેલ દસ્તાવેજો ધ્યાને લેવામાં આવે તો,સદર દસ્તાવેજો સર્વે નં. ૪ ના ૭–૧૨ અને ૮–અ ના ઉતારા છે. જે ધ્યાને લેતા સદર સર્વે નંબરની માલીકી આ કામના પ્ર તીવાદીની છે તેવું જણાઈ આવે છે. વધુમાં વાદી પક્ષે નિશાની ૪/૨૦થી ઉમેદપરા ગામનું**

**ટ્રેસીગ રજુ કરેલ છે. જેમાં સ્પષ્ટ જણાઈ આવે છે કે, સર્વે નં. ૪ની ઉતરે ગામ તળ આવેલ છે અને ઉતર પશ્ચીમ તરફ અન્ય સર્વે નંબર આવેલ છે. આમ, વાદી પક્ષે રજુ કરેલ દસ્તાવેજોથી દાવાવાળી મિલ્કતની સ્થળ પરની પરિસ્થિતિ સ્પષ્ટ રીતે માલુમ પડેલ છે પરંતુ પ્રતિવાદીઓએ કેટલા ભાગમાં દબાણ કરેલ છે તે સંદર્ભે અદાલત ધ્વારા નિમવામાં આવેલ લેન્ડ રેકર્ડના સર્વેયર શ્રીએ પંચનામુ કરીને રજુ કરેલ નકશો ધ્યાને લેવો ન્યાયોચીત છે. જે પંચનામુ આ કામે નિશાની ૨૮/૧થી તથા નકશો ૨૮/૨થી રજુ થયેલ છે. સદર નકશો ધ્યાને લેવામાં આવે તો, સર્વે નં. ૮ એટલે કે, વાદીની દાવાવાળી મિલ્કતની ઉતરે સર્વે નં.૪ એટલે કે, પ્રતિવાદીની જમીન અને પ્રતિવાદીની જમીનની ઉતર લાગુ ગામ તળ અને ઉતર પશ્ચીમે લાગુ સર્વે નં. આવેલા હોવાનું સ્પષ્ટ જણાઈ આવે છે. વધુમાં સદર નકશામાં સમજુતી નં. ૪ના આધારે નકશાનો અભ્યાસ કરવામાં આવે તો, પીળા ભાગથી દર્શાવેલ જમીન ૦-૧૮-૯૯ હકેટર આરે ચો.મી. વાળી સર્વે નં. ૮ના ખાતેદારશ્રીની જમીન પાણી નીકાલ માટે છુટી જાય છે તેવું દર્શાવેલું છે. તે જ રીતે લાગુ સર્વે નં. ૪ પૈકીના ખાતેદારશ્રીએ સર્વે નં. ૮માં ૦-૦૨-૧૦ ચો.મી. નો કબ્જો કરેલ છે. તે જગ્યા લીલા કલરથી નકશામાં દર્શાવવામાં આવેલ છે. જે જગ્યા સર્વે નં. ૮ની છુટી જતી જમીન બાદ ઉતરે આવેલ છે કે જયા વાદીના જણાવ્યા અનુસાર આ કામના પ્રતિવાદીઓએ દબાણ કરી કુદરતી વહેણને પુરી દીધેલ છે.** આમ સમગ્રપણે સદર નકશાનો અભ્યાસ કરતા એ હકીકત પ્રથમદર્શનીય રીતે રેકર્ડ પર આવેલ છે કે, સર્વે નં. ૪ના ખાતેદારે સર્વે નં. ૮ના ખાતેદારની જમીનમાં એટલે કે, વાદીની જમીનમાં દબાણ ઉભુ કરેલ છે. તે સંજોગોમાં વાદીનો કેસ પ્રથમદર્શનીય કેસ છે. તેવું સદર અદાલતનું માનવું છે. **જેથી મુદા નં. ૧નો જવાબ હકારમાં આપવામાં આવે છે.**

**(૫.૪)** <u>મુદા નં. ૨ અને ૩</u> :-

સદર મુદા સંદર્ભે નિર્ણય કરતા પહેલા સદર અદાલત નામદાર ગુજરાત વડી અદાલત ધ્વારા નિર્ણીત **અશોકભાઈ ભાનુશંકર ત્રિવેદી વિરૂધ્ધ નગર શીક્ષણ સમીતી**

**૨૦૦૦(૨) જી.એલ.એચ(ગુજે–૬)**ના ચુકાદાનો નિર્ણયાધાર વંચાણે લેવાનું ઉચ્ચીત સમજે છે.**જેમાં નામ. ગુજરાત વડી અદાલતે ઠરાવ્યુ છે કે,**

> ***2. While considering the prayer for grant of temporary injunction or interim relief pending the suit, the court has to consider that the party praying for the same has made out prima facie case, that in case the interim relief as prayed for is not granted, it will result in causing irreparable injury to him which cannot be compensated in terms of money and lastly the balance of convenience also favours grant of the same. It is no more res integra that merely because the litigant praying for temporary injunction or interim relief has prima facie case in his favour alone is not sufficient for grant of temporary injunction or interim relief unless on all the three aforesaid ingredients the court is satisfied and then only temporary injunction or interim relief as prayed for can be ordered, but not otherwise.***

**(૫.૫)** ઉપરોકત ચુકાદાના ઉજાસમાં જો સદર કેસના ગુણદોષની ચર્ચા કરીએ તો, **આ કામે વાદીએ રજુ કરેલ દસ્તાવેજોથી પોતાનો પ્રથમદર્શનીય કેસ રજુ કરેલ છે. ત્યારે સ્વાભાવીક રીતે સગવડ અગવડની સમતુલાનું પલડુ તેઓની તરફેણમાં જણાઈ આવે છે કારણ કે, પ્રતિવાદી ધ્વારા જે પેશકદમી કરીને પાણીના નીકાલના કુદરતી વહેણને બંધ કરાવામાં આવેલ છે અને તેના કારણે ઉપરવાસનું જે પાણી ચોમાસાની સીઝનમાં વાદીના ખેતરમાં ઘુસી જાય છે તેના કારણે સ્વાભાવીક રીતે વાદીને નાણામાં ભરપાઈ ન થઈ શકે તેવું નુકશાન થાય તેમ છે. સબબ ઉપરોકત ચર્ચાના અંતે મુદા નં. ૨ અને ૩નો જવાબ પણ સદર અદાલત ધ્વારા હકારમાં આપવામાં આવે છે અને મુદા નં. ૪નો ઉત્તર આપવા સારૂ ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.**

**–:: હુકમ ::–**

૧. વાદી પક્ષે રજુ કરાયેલ હાલની વચ્ચગાળાની મનાઈ હુકમની અરજી આથી **મંજુર** કરવામાં આવે છે .

૨. **પ્રતિવાદીઓને આથી આદેશ કરવામાં આવે છે કે, તેઓએ સદર દાવાનો આખરી નીકાલ ન આવે ત્યાં સુધી વાદીઓની દાવાવાળી જમીનના ઉતર તરફના ભાગે અં દાજે જે ૨૨ થી ૨૫ ગુંઠાનું દબાણ કરેલ છે તેમાં પ્રતિવાદીઓએ કોઈ વિશેષ અડચણ કે અવરોધ ઉભો કરે નહી અને તેમાં વિશેષ પ્રકારનું કોઈ બાંધકામ કે ચણતર કરવું કે કરાવવું નહી.**

દાવાનો ખર્ચ દાવાના આખરી નીકાલને અનુસરસે.

હુકમ આજરોજ **તા.૨જી માહે ઓગષ્ઠ સને ૨૦૨૧** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૦૨/૦૮/૨૦૨૧

સ્થળ: ગીર ગઢડા

(શ્રી. એસ.પી.દવે)
જ્યુડિશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
ગીર ગઢડા, જજ કોડ જીજે૦૧૩૯૦